Vol. 7, Issue: 11, November: 2019 (IJRSML) ISSN: 2321 - 2853

# બી.ઍડ્. પ્રોગ્રામ સી.બી.સી.એસ. પેટર્ન અંતર્ગત EDCC-104/204 અભ્યાસક્રમ પરત્વેના પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો જાણવા

ડૉ. ગૌરી ડી. સોલંકી
આસી. પ્રોફેસર,
ગ્રોમોર કૉલેજ ઓફ એજ્યુકેશન, હિંમતનગર

## ૧. પ્રસ્તાવના

૨૧મી સદી જ્ઞાનની સદી છે. તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીનો સમય છે, યુગ છે. છતાં વિદ્યાર્થી પરાણે ભણતો હોય તેવું લાગે છે. વિદ્યાર્થી સમયમર્યાદામાં માર્યાદિત અભ્યાસક્રમને લઈને ભણતો હોવા છતાં નીરસ રહ્યો છે.આજનું શિક્ષણ ગુણવત્તા સભર બને એ આજના સ્પર્ધાત્મક યુગમાં અત્યંત આવશ્યક છે. ઉચ્ચશિક્ષણ મેળવતાં વિદ્યાર્થીઓની આખા વિશ્વમાં સંખ્યા ૨૫% છે. જયારે ભારતમાં ૧૦% છે. જે ખૂબ જ વિચારવા લાયક અને ચિંતાજનક પ્રશ્ન છે. સાથોસાથ શિક્ષણનું કથળતું જતું પાસું તો રાષ્ટ્રના વિકાસમાં અસર કરે જ છે. તો રાષ્ટ્રનો વિકાસ એ સંપૂર્ણ ભાવિ શિક્ષણ પર છે. શિક્ષણની ગુણવત્તા સારી હશે તો રાષ્ટ્રનો વિકાસ પ્રશિક્ષણ આપોઆપ ઉપરની સપાટી પર આવી જશે. શિક્ષણ-પ્રશિક્ષણ કાર્યક્રમને વધુ અસરકારક, પરિણામલક્ષી અને ગુણવત્તાલક્ષી બનાવવા માટે અનેકવિધ ઉપક્રમો વિચારતા અને પ્રયોજાતા રહ્યા છે. CBCS કાર્યક્રમ શિક્ષણ-પ્રશિક્ષણને અસરકારક બનાવવા માટેનો જ છે, જે દ્વારા ઉચ્ચ શિક્ષણમાં ગુણાંકન પદ્ધતિ, સત્ર પદ્ધતિ અને અભ્યાસક્રમ પદ્ધતિમાં રૂઢિગત પદ્ધતિમાંથી બહાર નીકળીને નવીન પદ્ધતિનો સ્વીકાર્ય કાર્યક્રમ છે.

## ૨. અભ્યાસનું મહત્વ

ઉચ્ચશિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે CBCS ઉચ્ચ માર્ગ બની રહે તેમ છે. શિક્ષણની ગુણવત્તા અને વ્યાપકતા બંનેને એક સાથે ઉચ્ચ શિક્ષણમાં સમાવવા માટે જ્ઞાન કમિટી રીપોર્ટ શિક્ષણમાં સ્વાયતતા, સેમિસ્ટર, ગ્રેડીંગ અને CBCS પદ્ધતિ દાખલ કરવા પર ખુબ જ ભાર મુક્યો છે. CBCS કાર્યક્રમ વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ કરવા માટે સતત પ્રયત્નશીલ છે. ચીલાચાલુ બીબાઢાળમાંથી નવી પેટર્નમાં આખા અભ્યાસક્રમને ઢાળે છે. CBCS દ્વારા વિદ્યાર્થી પોતાનો મનપસંદનો વિષય પસંદ કરી શકે છે. સમગ્ર રાષ્ટ્રનું શિક્ષણ માળખું એક સરખું થશે. જેનો હેતુ એ છે કે જયારે ભારતમાં વિદેશી યુનિવર્સિટીઓનું આવનાર વર્ષોમાં આગમન થવાનું છે. તેની ચર્ચા વિચારણા ચાલી રહી છે ત્યારે આપણા વિદ્યાર્થીઓ અભ્યાસક્રમાં, વિષયોની પસંદગીમાં વિવિધ વિષયોના વિકલ્પો પસંદ કરી વિવિધ કૌશલ્યો હસ્તગ્રત કરી શકશે અને તે શિક્ષણમાં ઊંચી ગુણવત્તા પ્રાપ્ત કરી આગળ વધી વ્યવસાયો પ્રાપ્ત કરી શકશે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખતા CBCS અભ્યાસક્રમનું મહત્વ વધી જાય છે.

## ૩. સમસ્યાકથન

આધુનિકયુગ એ અતિ ઝડપી યુગ છે. અન્ય દેશ-વિદેશના વિદ્યાર્થીઓ સાથે કદમથી કદમ મિલાવવા માટે ચીલાચાલુ અભ્યાસક્રમની જગ્યાએ સી.બી.સી.એસ. પેટર્ન અંતર્ગત EDCC-104/204ના અભ્યાસક્રમનો જે સમાવેશ કરવામાં આવ્યો છે તેની અસરકારકતા કેટલી છે તે જાણવા માટે એક અભીપ્રયાવલી ની રચના કરીને પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો જાણવામાં આવેલ છે.CBCS અંતર્ગત માર્કસને બદલે ક્રેડીટ અને ટકાને બદલે ગ્રેડની માર્કશીટ મળે છે. આમ, આ પદ્ધતિ શિક્ષણ જગતમાં ધરખમ ફેરફાર સૂચવે છે. તે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ પર ભાર મુકે છે. આમ, છતાં CBCS ના અમલ માટે પડકારો, સમસ્યાઓ અને પ્રશ્નો પણ છે. જેવા કે સમય આયોજન, સુવિધાઓ, અભ્યાસક્રમની સરંચના, મૂલ્યાંકનની પ્રક્રિયામાં દરેક સમસ્યા અને નાણાનો વ્યય, પરિક્ષાની પ્રક્રિયાનો પ્રશ્ન, વિષયોનું અવમૂલ્યન વગેરે. તો આવા

વિવિધ પાસાઓને આવરીને પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો EDCC-104/204 અંતર્ગત કેવા છે? તેના વિશે અભિપ્રાયાવલી વડે જાણવાનો પ્રયત્ન કર્યો છે.

**૪. અભ્યાસના હેતુઓ**

૧. બી .ઍડ્.પ્રોગ્રામ અંર્ગત EDCC-104/204 અભ્યાસક્રમની અસરકારકતા તપાસવી.
૨. EDCC-104/204 અભ્યાસક્રમના સંદર્ભમાં પડતી મુશ્કેલીઓ જાણવી.
૩. વિદ્યાર્થીના અભ્યાસક્રમના આધારિત અભિપ્રાયો જાણી તારણો તારવવા.
૪. અભ્યાસક્રમમાં જરૂરી સુધારણા અંગેના જરૂરી સૂચનો મેળવવા.

**૫. તારણો**

બી.ઍડ્.માં CBCS અભ્યાસક્રમ અંર્ગત EDCC-104/204ના અભ્યાસક્રમને જુદા જુદા પરિપ્રેક્ષ્યથી અભિપ્રાયાવલી દ્વારા તપાસવાનો સઘન પ્રયાસ થયો છે.અને તેના આધારે વિદ્યાર્થીઓના વિવિધ અભિપ્રાયો પ્રાપ્ત છે થયા જે દરેક વિધાનના સંદર્ભમાં .છે કરેલ પ્રાપ્ત પ્રમાણે ટકાવારી

***૫. ૧ EDCC 104/204***

૧. EDCC 104/204 વિષયનો અભ્યાસક્રમ સમય મર્યાદામાં પૂર્ણ થઈ શકે તેવો છે ?
આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે EDCC 104/204 વિષયનો અભ્યાસક્રમ સમય મર્યાદામાં પૂર્ણ થઈ શકે તેવો છે.
૨ બી.ઍડ્. પ્રોગ્રામની સમય મર્યાદા એક વર્ષની યોગ્ય છે?
આ પ્રશ્નના સંદર્ભમાં ૯૨% વિદ્યાર્થીઓનું માનવું છે કે બી.એડ.પ્રોગ્રામની સમય મર્યાદા એક વર્ષનો યોગ્ય છે. અને જયારે ૮% વિદ્યાર્થીઓનું માનવું છે કે બી.એડ.પ્રોગ્રામની સમય મર્યાદા એક વર્ષ કરતાં વધુ હોવી જોઈએ.
૩. સેમેસ્ટર સીસ્ટમના કારણે EDCC 104/204 વિષયના અભ્યાસક્રમમાં મુશ્કેલી જણાઈ? આ પ્રશ્નના સંદર્ભમાં ૬૭% વિદ્યાર્થીઓનું માનવું છે કે સેમેસ્ટર સીસ્ટમના કારણે EDCC 102/202 વિષયના અભ્યાસક્રમમાં ક્યાય મુશ્કેલી જણાઈ નથી. અને જયારે ૩૩% વિદ્યાર્થીઓનું માનવું છે કે આ અભ્યાસક્રમ કઠિન છે. જેથી મુશ્કેલી અનુભવાય છે.
૪. EDCC 104/204 વિષયનો અભ્યાસક્રમ અસરકારક છે?
આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે આ વિષયનો અભ્યાસક્રમ અસરકારક છે.
૫.અભ્યાસક્રમના સંદર્ભમાં સંદર્ભપુસ્તકો સરળતાથી ઉપલબ્ધ હતા?
૧૦૦ સંદર્ભમાં પ્રશ્નના આ% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમના સંદર્ભમાં સંદર્ભપુસ્તકો સરળતાથી ઉપલબ્ધ હતા.
૬. હેતુઓને આધારે અભ્યાસક્રમમાં ફાળવેલ યુનિટ પુરતા છે?
આ પ્રશ્નના સંદર્ભમાં ૯૫% વિદ્યાર્થીઓનું માનવું છે કે હેતુઓને આધારે અભ્યાસક્રમમાં ફાળવેલ યુનિટ પુરતા છે. અને જયારે ૫% વિદ્યાર્થીઓનું માનવું છે કે હેતુઓને આધારે અભ્યાસક્રમમાં ફાળવેલ યુનિટ પુરતા નથી.
૭. અભ્યાસક્રમનો કોઈ મુદ્દો તમને કંટાળાજનક જણાયો?
આ પ્રશ્નના સંદર્ભમાં ૬૩% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમનો અમુક મુદ્દાઓ કંટાળાજનક જણાયા. અને જયારે ૩૭% વિદ્યાર્થીઓનું માનવું છે અભ્યાસક્રમનો કોઈ મુદ્દો કંટાળાજનક નથી.
૮. તમારી દ્રષ્ટિએ વિષય અંતર્ગત કોઈ યુનિટ વધુ લંબાણપૂર્વક જણાયો ?
આ પ્રશ્નના સંદર્ભમાં ૫૮% વિદ્યાર્થીઓનું માનવું છે કે આ વિષય અંતર્ગત અમુક યુનિટ વધુ લંબાણપૂર્વક જણાયા. અને જયારે ૪૨% વિદ્યાર્થીઓનું માનવું છે આ વિષય અંતર્ગત કોઈ યુનિટ વધુ લંબાણપૂર્વક જણાયો નથી.
૯. અભ્યાસક્રમમાં યુનિટ પ્રમાણે ગુણભાર હોવા જોઈએ?
આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમમાં યુનિટ પ્રમાણે ગુણભાર હોવા જોઈએ.
૧૦. EDCC 104/204ના સેમ. ૧ અને ૨ના અભ્યાસક્રમમાં સામ્યતા જોવા મળી?

આ પ્રશ્નના સંદર્ભમાં ૮૩% વિદ્યાર્થીઓનું માનવું છે કે આ વિષય સેમ. ૧ અને ૨ના અભ્યાસક્રમમાં સામ્યતા જોવા મળી. અને જયારે ૧૭% વિદ્યાર્થીઓનું માનવું છે આ વિષય અંતર્ગત સેમ. ૧ અને ૨ના અભ્યાસક્રમમાં સામ્યતા જોવા મળી નથી.

૧૧. EDCC 104/204માં કમ્પ્યૂટર ટેક્નોલોજીની માહિતીથી તમને લાભ થયો ?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે કમ્પ્યૂટર ટેક્નોલોજીની માહિતીથી અમને લાભ થયો.

૧૨. EDCC 104/204નો અભ્યાસક્રમ એક શિક્ષક દરેક પાસાઓને આવરી લે તેવો અભ્યાસક્રમ છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે એક શિક્ષક દરેક પાસાઓને આવરી લે તેવો અભ્યાસક્રમ છે.

૧૩. એક શિક્ષકની સંપૂર્ણ તાલીમ માટે શું આ અભ્યાસક્રમ પુરતો છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૯૫% વિદ્યાર્થીઓનું માનવું છે કે એક શિક્ષકની સંપૂર્ણ તાલીમ માટે આ અભ્યાસક્રમ પુરતો છે અને જયારે ૫% વિદ્યાર્થીઓનું માનવું છે એક શિક્ષકની સંપૂર્ણ તાલીમ માટે આ અભ્યાસક્રમ પુરતો નથી.

૧૪. તમારી દ્રષ્ટિએ વિષય અંતર્ગત કોઈ મુદ્દો અભ્યાસક્રમમાં ઉમેરવો જોઈએ?

આ પ્રશ્નના સંદર્ભમાં ૮૩% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમમાં મુદ્દો ઉમેરવો જોઈએ.. અને જયારે ૧૭% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમમાં મુદ્દો ઉમેરવો જોઈએ નહિ.

૧૫. ભવિષ્યના શિક્ષણમાં ઉપયોજન થઇ શકે તેવો અભ્યાસક્રમ છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે ભવિષ્યના શિક્ષણમાં ઉપયોજન થઇ શકે તેવો અભ્યાસક્રમ છે..

૧૬. સી.બી.સી.એસ.નો અભ્યાસક્રમ સ્વ-પ્રયત્ને શીખી શકાય તેવો છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૯૬% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમ સ્વ-પ્રયત્ને શીખી શકાય તેવો છે .અને જયારે ૪% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમ સ્વ-પ્રયત્ને શીખી શકાય તેવો નથી.

૧૭. અભ્યાસક્રમ શિક્ષણના હેતુંઓંને અનુરૂપ છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમ શિક્ષણના હેતુંઓંને અનુરૂપ છે.

૧૮. અભ્યાસક્રમમાંથી તમને કોઈ મુદ્દો રસપ્રદ લાગ્યો?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમના મુદ્દાઓ  રસપ્રદ છે.

૧૯. અભ્યાસક્રમ વયકક્ષાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમ વયકક્ષાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે.

૨૦. અભ્યાસક્રમ તમને જીવન ઘડતર માટે ઉપયોગી લાગે છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમ અમને જીવન ઘડતર માટે ઉંપયોગી લાગે છે.

૨૧. અભ્યાસક્રમમાં પ્રોજેક્ટ પદ્ધતિ ધ્વારા અધ્યન થઇ શકે તેવા મુદ્દાઓ શામેલ છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે અભ્યાસક્રમમાં પ્રોજેક્ટ પદ્ધતિ ધ્વારા અધ્યન થઇ શકે તેવા મુદ્દાઓ શામેલ કરેલ છે.

૨૨. અભ્યાસક્રમમાં  આપેલ પ્રેક્ટિકમના મુદ્દાઓ વાસ્તવિક રીતે હ્થ ધરી શકાય તેવા છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમમાં  આપેલ પ્રેક્ટિકમના મુદ્દાઓ વાસ્તવિક રીતે હાથ ધરી શકાય તેવા છે.

૨૩. અભ્યાસક્રમ શિક્ષકની વ્યવસાયિક સજ્જતા વિકસાવે તેવો છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે અભ્યાસક્રમ શિક્ષકની વ્યવસાયિક સજ્જતા વિકસાવે તેવો છે

૨૪. ભાષાકૌશલ્ય વિકસાવે તેવો અભ્યાસક્રમ છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૧૦૦% વિદ્યાર્થીઓનું માનવું છે કે ભાષાકૌશલ્ય વિકસાવે તેવો અભ્યાસક્રમ છે.

૨૫. દરેક કૌશલ્ય વિકસી શકે તેવો અભ્યાસક્રમ છે?

આ પ્રશ્નના સંદર્ભમાં ૯૬% વિદ્યાર્થીઓનું માનવું છે કે દરેક કૌશલ્ય વિકસી શકે તેવો અભ્યાસક્રમ છે. અને જયારે ૪% વિદ્યાર્થીઓનું માનવું છે કે દરેક કૌશલ્ય વિકસી શકે તેવો અભ્યાસક્રમ નથી.

**૬. અભ્યાસની મર્યાદાઓ**

૧. પ્રસ્તુત અભ્યાસ CBCSના સીલેબસને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે.
૨. પ્રસ્તુત અભ્યાસ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ પૈકી ગ્રોમોર કોલેજ ઓફ એજ્યુકેશનના વર્ષ ૨૦૧૨-૧૩ના તાલીમાર્થીઓ ઉપર થયેલ છે.
૩. આ અભ્યાસ બી.ઍડ્.ના ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓ પુરતો સિમિત છે.
૪. આ અભ્યાસમાં ફક્ત EDCC-104/204ના અભ્યાસક્રમને ધ્યાનમાં લીધેલ છે.

**૭. અભ્યાસની સાર્થકતા**

આ સંશોધન એ EDCC-104/204ના સિલેબસની અસરકારકતાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે. આ સંશોધન એ તાલીમાર્થીઓ તેમજ બી.એડ.ના અધ્યાપકોને વિવિધ રીતે ઉપયોગી થશે. CBCS પેટર્ન અંતર્ગત પ્રથમ વખત આ સિલેબસ પર અભ્યાસ થયેલ છે. જેથી તેમાં રહેલી મુશ્કેલીઓ જાણી ભવિષ્યમાં આ મુશ્કેલીઓને નિવારવા ઉપયોગી બનશે. તેમજ આવા અન્ય સંશોધનો માટે માર્ગદર્શન રૂપ બની રહેશે.

**૮. અહેવાલ આયોજન**

આ સંશેધનમાં પ્રસ્તાવના, અભ્યાસનું મહત્વ, સમસ્યાકથન, સંશોધનના હેતુઓ અને મર્યાદાઓ વગેરે પાસા આવરી લીધા છે. જેમાં અભ્યાસની અસરકારકતા તપાસવા માટે અભિપ્રાયાવલી તૈયાર કરેલ છે. જેના આધારે તારણો નિષ્પન થયેલ છે.

**સંદર્ભ સૂચિ**

1. Best, J.W. & J.V., Kahn, (1989). Research in Education, New Delhi : Prentice-Hall of India Pvt. Ltd.
2. Borg, W. R. and Gall, M.R. (1987), Educational Research : An Introduction (5th Edition), New York : Longman.
3. Dale, E. (1971). Techniques of teaching vocabulary, Field Educational Publications, California.